પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૩૯ • કુલ પાના : ૪ • તારીખ : ૦૩-૦૬-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## હાર્દિક પટેલ વિજય મુહૂર્તમાં કેસરી ખેસ અને ટોપી પહેરી ભાજપમાં જોડાયા

# નરેન્દ્ર મોદીના ચાલી રહેલા ભગીરથ કાર્યોમાં રામસેતુની ખિસકોલી બનીને સહયોગ આપવાનો પ્રયાસ કરીશ

ગાંધીનગર,

પાટીદાર અનામત આંદોલનથી પાટીદારનો ચહેરો બનેલા હાર્દિક પટેલ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખપદેથી રાજીનામું આપીને હવે ૧૨.૩૯ના વિજય મુહૂર્ત ભાજપનો કેસરિયો ખેસ પહેરી લીધો છે. તેમણે સવારે એસપીજી ગુરુકુળ ખાતે રામ, શ્યામ અને ઘનશ્યામનાં દર્શન કરીને સાધુ-સંતોની હાજરીમાં ગાયની પૂજા કરી હતી અને કોબાથી કમલમ સુધી શો કર્યો હતો અને ભાજપ કાર્યાલય ખાતે પહોંચ્યા હતાં અહીં તેઓ વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતાં.ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે તેમને કેસરી ખેસ પહેરાવ્યો હતો અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતીન પટેલે હાર્દિક પટેલને કેસરી ખેસ પહેરાવ્યો હતો.

ભાજપમાં જોડાયા બાદ હાર્દિક પટેલે કહ્યું હતું કે છેલ્લા કેટલાયે સમયથી ગુજરાતની અંદર સામાજિક હિતના અનેક પ્રયાસો કર્યા બાદ દરેક સામાજિક અને રાજકીય જીવનમાં જીવનમાં ઘણા ચડાવ ઉત્તર જોયા. ૨૦૧૫માં એક પાટીદાર અનામત આંદોલનની શરૂઆત થઈ હતી. ત્યારબાદ અમને ૧૦ ટકા ઈબીસી આપવામાં આવ્યું હતું. હું જન હિતના કામ માટે કોંગ્રેસમાં જોડાયો હતો, પણ કોંગ્રેસના નેતા જનહિત માટે ઉભા ન રહેતા જોવા મળ્યા માટે રાજીનામું આપ્યું હતું. દરેકની માણસની આંકાંક્ષા હોય કે તે દેશના હિત માટે કામ કરે. પરંતુ મેં



કોંગ્રેસથી દુઃખી થઈને રાજીનામું આપ્યું છે. હાર્દિકે જણાવ્યું કે, ભાજપમાં સામાન્ય કાર્યકર બનીને કામ કરીશ. હું કોંગ્રેસમાં હતો ત્યારે પણ રામ મંદિર બનાવવાની વાત હોય કે પછી ૩૭૦ જેવા અનેક કાર્યોની પ્રશંસા કરતો હતો. હું રામસેતુના ભગીરથ કાર્યમાં ખિસકોલી બનીને કામ કરીશ. હું ભાજપમાં જોડાઈ કાર્યકરો સાથે ખભેથી ખભો મેળવી કામ કરીશ. હાર્દિકે જણાવ્યું કે, જયારે મેં કોંગ્રેસમાંથી રાજીનામું લખ્યું ત્યારે લોકો કહેતા હતાં કે કમલમથી લખાયું છે. હાર્દિક પટેલે પ્રેસ કોન્ફરન્સમાં રાજયના પૂર્વ સીએમ આનંદી બેનને યાદ કર્યા હતા. તેમણે જણાવ્યું કે, જ્યારે આનંદીબેન પટેલ ભાજપમાં માંડલથી ચૂંટણી લડતા હતા ત્યારે મારા પરમ પૂજ્ય પિતા તેમની સાથે હતા. આનંદીબેન પટેલ મારા પિતાને રાખડી મોકલતા હતા. આનંદીબેન પટેલ મારા ફઈ બા છે. મારા પિતાજી ભાજપ માટે કામ કરતા હતા. હું અહીં રાજા નહીં સૈનિકની ભૂમિકામાં છું. મેં ઘરવાપસી નથી કરી, પરંતુ મને લોકોએ કહ્યું હતું કે તમે ઘરમાં જ આવ્યા છો.

હાર્દિકે જણાવ્યું કે, અમારું આંદોલન સરકાર સામે હતું અને સરકારે જ પૂર્ણ કર્યું. ભાજપમાં મને સારી રીતે કામ કરવાની તક મળશે. હું ઘરમાં પાછો ફરી રહ્યો છું. કોંગ્રેસે રામ મંદિર આધારા શિલા પર અભદ્ર ટિપ્પણી કરી હતી. કોંગ્રેસમાં હતો, ત્યારે પણ પીએમના નિર્ણયોની પ્રશંસા કરતો હતો. કરોડો લોકો ભાજપ સાથે જોડાઈને દેશ સેવા કરવા માંગે છે. કોંગ્રેસના લોકોએ મારા પર અનેક આક્ષેપ કર્યા.

હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, મેં ભાજપને ગાળો આપી એ વાત સાચી છે, પરંતુ હવે ઘરનો દીકરો માં બાપ પાસે માંગણી કરે છે. પપ્પા સામે ચોકલેટ લેવા ઝગડો જ છો ને. એ રીતે પણ અમે આંદોલન સમયે ઝઘડ્યા હતા. હાર્દિક પટેલે જણાવ્યું કે, ભાજપમાં જોડાઈને આંદોલનનમાં શહીદ થયેલા પરિવારોને નોકરી અપાવીશું. પાટીદાર સાથીદારોને વધુ સહાય અપાવવાનો પ્રયાસ કરીશું

હાર્દિક પટેલે પત્રકાર મિત્રોના સવાલોના જવાબ આપ્યા હતા. આ દરમિયાન સવાલોના જવાબ આપતાં આપતાં હાર્દિકને પરસેવો છૂટી ગયો હતો.તેમણે કહ્યું "અમે ચાર મિત્રએ નક્કી કર્યું છે કે પાટીદાર આંદોલન વખતે શહીદ થયેલા તમામ યુવાનોના પરિવાર માટે વૈકલ્પિક નોકરીની વ્યવસ્થા કરીશું. આ માટે મુખ્યમંત્રીને પણ રજુઆત કરીશું." આ પ્રસંગે હાર્દિક પટેલને જયારે ગુજરાત સરકાર સામે કરેલા આંદોલન વિશે સવાલ કરાયો ત્યારે હાર્દિકે જણાવ્યું હતું કે, "ઘરનો દીકરો પોતાના માતાપિતા પાસે કંઈક માંગણી કરે તે સ્વાભાવિક છે. રાજ્યની જનતા તરીકે અમે પણ સરકાર સમક્ષ માંગણી કરી હતી. ચાર પાંચ વર્ષ સુધી આંદોલન ચાલ્યું, તેને પૂર્ણ પણ સરકારે જ કર્યું. હું પાર્ટીની અંદર કાર્યકર તરીકે જોડાયો છું. મહેનત અને સંઘર્ષ કરીશું. પાર્ટી કહેશે તેમ કરીશું. આંદોલન સમયે ભાજપના નેતાઓ વિશે જેમતેમ શબ્દો બોલ્યા, અને જનતા સાથે દ્રોહ કર્યો તો તેમની માફી માંગવા માંગો છો એવા પત્રકારોના સવાલનો જવાબ આપતાં હાર્દિકે કહ્યું હું જનતા માટે લડતો હતો. તેમણે માફી માંગવાના મામલે સ્પષ્ટ ના પાડી દીધી હતી.૧૭ મેના રોજ હાર્દિક પટેલે આખરે પાર્ટીના કાર્યકારી પ્રમુખપદ સહિત તમામ સ્તરેથી રાજીનામું આપી દીધું હતું

## નેતાઓના સંતાનોને ભાજપ ટિકિટ નહીં આપે

# પિતા અધ્યક્ષ અને પુત્ર મહાસચિવ, પરિવારવાદની આ નીતિ ભાજપમાં નહીં ચાલે : જે પી નડ્ડા

ભોપાલ,

આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટના સપના જોતા નેતાઓના પુત્રોને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો.જેપી નડ્ડાએ મોટો ઝટકો આપ્યો છે. બુધવારે તેમના ભોપાલ પ્રવાસ પર તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે કોઈ નેતાના પુત્રને ટિકિટ મળશે નહીં. કેન્દ્રીય સંગઠન દ્વારા બનાવવામાં આવેલી નીતિ અનુસાર ટિકિટનું વિતરણ કરવામાં આવશે.ભોપાલ પહોંચેલા ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાનું પાર્ટી કાર્યાલયમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે અહીં નેતાઓની બેઠક પણ કરી હતી. ભોપાલ પહોંચેલા ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાનું પાર્ટી કાર્યાલયમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે અહીં નેતાઓની બેઠક પણ કરી હતી.

ભોપાલમાં ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે એક પ્રશ્નના જવાબમાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે સંગઠને નિર્ણય લીધો છે કે એક વ્યક્તિને એક કામ આપવાનું છે. આ માત્ર વિધાનસભાની ચૂંટણીમાં જ નહીં, પરંતુ પાલિકાની ચૂંટણીમાં પણ લાગુ થશે. યુપીનું ઉદાહરણ આપતા નડ્ડાએ કહ્યું કે ત્યાં ઘણા સાંસદોના પુત્રો સારા કામ



કરવા માટે દાવેદાર હતા, પરંતુ તેમને ટિકિટ આપવામાં આવી ન હતી. તેમણે વધુંમાં કહ્યું હતુ કે નેતાઓના પુત્રોએ હાલ પૂરતું સંગઠનના કામમાં વ્યસ્ત રહેવું જોઈએ.

ભોપાલમાં નડ્ડાએ કહ્યું કે આપણે પરિવારવાદના ખ્યાલને સમજવો પડશે. અમે માનીએ છીએ કે પિતા અધ્યક્ષ છે, પુત્ર મહામંત્રી છે. પાર્લામેન્ટરી બોર્ડમાં કાકા-બાપા-ફોઈ. આ પરિવારવાદ છે.

પરિવારવાદના પક્ષોમાં પીડીપી અને નેશનલ કોન્ફરન્સ (જમ્મુ અને કાશ્મીર), લોકદળ (હરિયાણા), શિરોમણી અકાલી દળ (પંજાબ), સમાજવાદી પાર્ટી (ઉત્તર પ્રદેશ), રાષ્ટ્રીય જનતા દળ (બિહાર), ટીએમસી (પશ્ચિમ બંગાળ), ડીએમકે (તામિલનાડુ), કર્ણાટકમાં કુમારસ્વામીની પાર્ટી, મહારાષ્ટ્રમાં શિવસેના અને એનસીપી છે. તે બધા પરિવારવાદના પ્રતિનિધિ છે. તેઓ પિતા પછી પુત્રનું સ્થાન લેવાનો પ્રયાસ કરે છે. ભાજપ તેની પોલીસીમાં આવું નહીં કરે.

ભોપાલમાં જેપી નડ્ડાએ શિવરાજ સરકારના કામની પ્રશંસા કરી અને કહ્યું કે પાર્ટી આગામી ચૂંટણી તેમના નેતૃત્વમાં લડશે. કાર્યક્રમ બાદ નડ્ડાએ પાર્ટી કાર્યાલયમાં મંત્રીઓ સાથે લગભગ અડધો કલાક ચર્ચા પણ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અધિકારીઓ કેમ સીધા મુખ્યમંત્રીને મળે છે. કોઈપણ બાબત કે વિષય મંત્રીઓ મારફત મુખ્યમંત્રી સુધી પહોંચવો જોઈએ. અધિકારી કેમ? આ પરંપરા સારી નથી. તેનાથી મંત્રીની નબળાઈ દેખાય છે.

નડ્ડાએ કહ્યું કે મંત્રીઓએ સમીક્ષા કરવી જોઈએ, મીટિંગ કરવી જોઈએ અને અધિકારીઓ સાથે વાત કરવી જોઈએ. કેબિનેટની બેઠક દરમિયાન વિષયો પર પણ ચર્ચા થવી જોઈએ. મુખ્યમંત્રી અને મંત્રીઓ વચ્ચેની ગેપનો ફાયદો અધિકારીઓ ઉઠાવે છે.

નડ્ડાએ કહ્યું- જમ્મુ-કાશ્મીર પર કોઈ ચૂપ નથી. કેન્દ્ર સરકાર એક્શનમાં છે. ગોળી ચલાવનારને ઠાર કરવામાં આવી રહ્યા છે. સ્થાનિક ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી, જેના કારણે નેતાઓની નિરાશા સામે આવવા લાગી છે. સીએમ શિવરાજ અને પ્રદેશ અધ્યક્ષ વીડી શર્માની જોડીના નેતૃત્વમાં વિધાનસભાની ચૂંટણી લડવામાં આવશે. શિવરાજની આગેવાની હેઠળ સારી સરકાર ચાલી રહી છે. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીનો ચહેરો અસ્તવ્યસ્ત છે અને તેઓ અરીસો સાફ કરી રહ્યા છે. શું તમે ક્યારેય કોઈ ગુનેગારને એમ કહેતા જોયો છે કે હું બેઈમાન છું? રાહુલ ગાંધી ન તો ભારતીય છે, ન રાષ્ટ્રીય છે, ન કોંગ્રેસના રહી ગયા છે.




# સંતરામપુર તાલુકાની આંબલીયાત ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ત્રણના મહિલા સભ્યોને ચાર સંતાનો હોવાનું જણાતા સભ્ય પદેથી દૂર કરાયા



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર તાલુકાની આમલીયા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ત્રણના મહિલા સભ્યોને બે કરતા વધુ બાળકો હોવાને કારણે નિયમ મુજબ સભ્ય પદેથી દૂર કરાયા હતા.

ચૂંટણીના ઉમેદવારી પત્રમાં મહિલા સભ્યોએ બે સંતાનો હોવાનું જણાવ્યું હતું. આંબલીયાત ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ત્રણના મહિલા સભ્ય તરીકે બારીયા રેખાબેન રાજેશભાઈ ચૂંટાયા હતા. રેખાબેનને તેમના ચૂંટણી ઉમેદવાર પત્રમાં બે બાળકો હોવાનું દર્શાવ્યું હતું પરંતુ હકીકતમાં તેમને ચાર સંતાનો છે. જેથી તેઓએ ઉમેદવારી પત્રમાં સાચી હકીકત છુપાવીને ખોટી માહિતી જણાવી હતી. આ સંદર્ભમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં બેથી વધુ બાળકો ધરાવતી વ્યકિતને હોદ્દો લાવવા માટે ગેરલાયક ઠરાવવાની જોગવાઈને અનુલક્ષીને તેઓએ પંચાયત સભ્યપદે થી દૂર કરવા માટે રાજ્ય સરકાર ચૂંટણી પંચ, જિલ્લા કલેક્ટર અને તાલુકા વિકાસ અધિકારીને રજૂઆતો કરવામાં આવી હતી.

આના અનુસંધાને તપાસ કરતા તેઓની વિરૂદ્ધ થયેલી રજૂઆતમાં તથ્ય જણાવતા તેઓને તેમના બચાવની તક આપવામાં આવી હતી, પરંતુ તેઓ કોઈ આધાર પુરાવા રજુ કરી શક્યા ન હતા. અંતે તાલુકા વિકાસ અધિકારીએ તેમને ગ્રામ પંચાયતના સભ્ય પદે ગેરલાયક ઠેરવવાનો હુકમ કરાયા તેમને પંચાયત સભ્ય પદેથી દૂર કરવામાં આવ્યા હતા.

# શહેરા તાલુકાના ગ્રામિણ વિસ્તારમાં નલ સે જલ યોજના ના રસ્તા તુટી જવાના મુદ્દે તેમજ તળાવોની માટી ખનન મુદ્દા તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા દ્વારા રજુઆત


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના વાડી તાલુકા પંચાયત સદસ્યએ જિલ્લા કલેકટર કચેરી ખાતે શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં નલ સે જલ યોજનાની કામગીરીમાં રોડ રસ્તા તૂટી જવા સાથે અનેક તળાવોમાંથી માટી કૌભાંડ કરવામાં આવ્યા હોવાની તપાસ કરવામાં આવે તે સહિતની અનેક રજૂઆત લેખિતમાં કરવામાં આવી હતી. જ્યારે અધિક કલેકટર દ્વારા આ મામલે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપતા જે.બી.સોલંકી ઉપવાસ પર નહી ઉતર્યા હતા.

શહેરા તાલુકા પંચાયતના વાડી તાલુકા પંચાયત સદસ્ય અને વલ્લભપુર ગામના જશવંતસિંહ સોલંકી દ્વારા થોડા દિવસ અગાઉ જિલ્લા કલેકટર કચેરી ખાતે શહેરા તાલુકામાં નલ સે જલ યોજના ની કામગીરી દરમિયાન રસ્તાઓ વચ્ચેથી તોડી નાખીને નુકશાન પહોંચાડ્યું હોવા સાથે તાલુકાના ગ્રામીણ વિસ્તારના તળાવમાંથી માટી કૌભાંડ કરવામાં આવ્યુ હોવા સાથે અન્ય રજૂઆત કરવામાં આવી હતી. જો કે, જે.બી. સોલંકી એ કલેકટર કચેરી ખાતે કરવામાં આવેલી રજૂઆત બાદ જરૂરી કાર્યવાહી નહિ થયા હોવાનું તેઓ ને લાગતા તેઓ નારાજ થવા સાથે ગુરૂવારના રોજ કલેકટર કચેરી ખાતે ઉપવાસ પર બેસવાના હતા. કલેકટર કચેરી ખાતે પોલીસ બંદોબસ્ત વચ્ચે તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકી તેમના સમર્થકો સાથે પહોંચી જઈને અધિક કલેકટરને તાલુકાના વલ્લભપુર ગામની લીઝની તપાસ બાબતે અને શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારના તળાવ માંથી માટી કૌભાંડ થયું છે કે નહીં તેની તપાસ કરવામાં આવે તેમજ નલ સે જલ યોજનાની કામગીરી દરમિયાન રસ્તાને થયેલ નુકશાન સહિત અન્ય રજૂઆત લેખિતમાં તેઓ દ્વારા કરવામા આવી હતી. જ્યારે અધિક કલેકટર એમ.ડી. ચુડાસમાએ લેખિત રજૂઆતની તપાસ કરવાની ખાત્રી આપતા તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકી ઉપવાસ પર ઉતર્યા ના હતા. જે રીતે તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકી દ્વારા અનેક વખત લોકહીતના પ્રશ્નનોને લઈને રજૂઆત કરવામાં આવતી હોય ત્યારે સંબંધિત કચેરી દ્વારા નિષ્પક્ષ રીતે યોગ્ય તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવશે કે નહીં તેના પર સૌની મીટ મંડાઈ છે.

# દે.બારીયા તળાવમાં ન્હાવા પડેલ વૃધ્ધ પાણીમાં ડુબી જતાં મોત નિપજાવા પામ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ નગરના એક તળાવમાં એક લઘુમતી કોમના વૃધ્ધ વ્યકિત તળાવમાં ન્હાવા પડતાં તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં યુવકનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. પોલીસે મૃતકની મૃતદેહને તળાવમાંથી બહાર કાઢી નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દીધા હતાં.

આજરોજ ગતરોજ ૩૧મી મેના રોજ દેવગઢ બારીઆ નગરના કાપડી વિસ્તારમાં રહેતાં ૬૨ વર્ષીય અબ્દુલ ગની ઉર્ફે કાળુ અબ્દુલ રહેમાન લખારા રાબેતા મુજબ પોતાની સાઈકલ લઈ બજારમાં નીકળ્યાં હતાં અને દેવગઢ બારીઆ નગરમાં આવેલ તળાવમાં સાંજના ૦૬ વાગ્યાના આસપાસ ન્હાવા પડ્યાં હતાં. મોડી સાંજ અને રાત્રી સુધી અબ્દુલ ગનીભાઈ પોતાના ઘરે ન આવતાં પરિવારજનો દ્વારા તેમની શોધખોળ આરંભી હતી પરંતુ તેઓ ક્યાંક મળ્યાં ન હતાં ત્યારે દેવગઢ બારીઆ તળાવમાં તપાસ કરતાં અબ્દુલ ગનીભાઈનું મૃતદેહ તળાવમાંથી મળી આવતાં પરિવારજનોમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતકના મૃતદેહને તળાવમાંથી બહાર કાઢી નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતાં.

આ સંબંધે મૃતક અબ્દુલ ગનીના ભાઈ મહંમદ હનીફ અબ્દુલ રહેમાન લખારાએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ આપતાં આ સંબંધે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ધોરણ ૧૦નુ પરિણામ જૂનમાં ૧૫ જૂનથી ૧૮ જૂન વચ્ચે આવે તેવી સંભાવના

ગાંધીનગર,


ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ટૂંક સમયમાં જીએસઈબી-એસએસસી પરિણામ ૨૦૨૨ જાહેર કરશે. બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જીએસઈબી-એસએસસી પરિણામની તારીખ અને સમયની જાહેરાત કરવામાં આવશે. જ્યારે અધિકારીઓએ હજી સુધી ધો.૧૦ના પરિણામની કોઈ તારીખ શેર કરી નથી. જુદા જુદા અહેવાલો સૂચવે છે કે પરિણામ જૂનના ત્રીજા સપ્તાહમાં આવે તેવી શક્યતા છે. ધોરણ ૧૦નુ પરિણામ જૂનમાં ૧૫ જૂનથી ૧૮ જૂન વચ્ચે આવે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડની જૂન ૨૦૨૨માં પરિણામ જાહેર થાય તેવી સંભાવના છે. બોર્ડે એચએસસી અને એસએસસીનું પરિણામ જાહેર કરવા માટે કોઈ તારીખ કે સમય જાહેર કર્યો નથી. મહત્વનું છે કે ધોરણ ૧૨ કોમર્સ અને આર્ટ્સ પ્રવાહના વિદ્યાર્થીઓ પણ પરિણામની રાહ જોઈ રહ્યા છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૨મી મેના રોજ જાહેર કરવામાં આવ્યું હતું.

સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે જીએસઈબી-એસએસસી સામાન્ય પરિણામ આગામી સમયમાં સત્તાવાર વેબસાઈટ પર મૂકવામાં આવશે. ત્યારબાદ એસએસસી પરિણામો જાહેર કરવામાં આવશે. જીએસઈબી-એસએસસી માટે શેર કરેલી કામચલાઉ તારીખો જૂન ૧૫ થી જૂન ૧૮ છે. જે વિદ્યાર્થીઓ તેમના જીએસઈબી-એસએસસી પરિણામની રાહ જોઈ રહ્યા છે તેઓને સલાહ આપવામાં આવી છે કે તેઓ અધિકૃત વેબસાઈટ પર તપાસ કરે. ભૂતકાળમાં ગુજરાત બોર્ડે એચએસસીના સામાન્ય પરિણામો પહેલા એસએસસીના પરિણામો પણ જાહેર કર્યા છે. પરિણામ જાહેર કર્યાની તારીખના એક દિવસ પહેલા નોટિફિકેશન બહાર પાડવામાં આવે છે.

જીએસઈબી-એસએસસી ૨૦૨૨ ની પરીક્ષા માટે ૮ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. બોર્ડની પરીક્ષા ૨૮ માર્ચથી ૯ એપ્રિલ દરમિયાન લેવામાં આવી હતી. હવે વિદ્યાર્થીઓ પરિણામની રાહ જોઈ રહ્યા છે.એસએસસી ધોરણ ૧૦ માં પાસ થવા માટે વિદ્યાર્થીઓને ઓછામાં ઓછા ૩૩ ટકાની જરૂર છે. જે વિદ્યાર્થીઓ બોર્ડના નિયમ મુજબ એક કે બે વિષયમાં જરૂરી ટકાવારી મેળવવામાં નિષ્ફળ જાય છે, તેઓ વિષયો પાસ કરવાના બીજા પ્રયાસ માટે કમ્પાર્ટમેન્ટ અથવા ફરીથી પરીક્ષા માટે અરજી કરી શકે છે.

# દાહોદ તાલુકાના કાળી તળાઈ નજીક ST બસ અને આઈઝર બસ વચ્ચે અકસ્માત : ૪ થી ૫ મુસાફરો ઈજાગ્રસ્ત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ તાલુકાના કાળી તળાઈ નજીક ઈન્દોર-અમદાવાદ હાઈવે પર આજરોજ સવારના સમયે આઈસર અને એસ.ટી. બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ૪ થી ૫ જેટલા મુસાફરોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. તેમજ બસ માં બેસેલા અન્ય મુસાફરોનું આબાદ બચાવ થયો હતો. ઈન્દોર અમદાવાદ હાઈવે દીન પ્રતિદિન અક્સમાત ઝોન તરફ આગળ વધી રહ્યું હોય તેમ પ્રતીત થઈ રહ્યું છે. ગઈ કાલે લીમખેડા તાલુકાના દાભડા નજીક ટેન્કર અને જીપ બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં ૮ થી ૧૦ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા અને એકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ત્યારે આજરોજ કાળી તળાઈ નજીક આઈસર ટ્રક તેમજ એસ.ટી. બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં અકસ્માત બાદ આઈઝર ટેમ્પો ડીવાઈડર પર ચડી ગયો હતો. ત્યારે એસ.ટી. બસ રોડ નજીક ખાડા ઉતરી ગઈ હતી. વહેલી સવારે સર્જાયેલા અકસ્માતમાં આઈશર ટ્રકના ચાલકને ઈજાઓ પહોંચી હતી અને બસમાં બેસેલા ૪ થી ૫ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. તેમજ બસમાં બેસેલા અન્ય મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. અકસ્માતની જાણ પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેતીવાડી ખાતાના વડોદરા વિભાગ હેઠળના દાહોદ જિલ્લામાં ગુણવત્તા નિયંત્રણ તંત્રની ચકાસણી ઝુંબેશ

દાહોદ,

વડોદરા જીલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) આર.કે.ભટ્ટની આગેવાની હેઠળની ટીમ તેમજ દાહોદ જીલ્લાના ક્વોલીટી કંટ્રોલ ઈન્સ્પેકટરની સયુક્ત ટીમ દ્વારા દાહોદ જીલ્લામાં જંતુનાશક દવા, બિયારણ, ખાતરના વેચાણ કરતા વિક્રેતાઓ સામે આકસ્મિક તપાસ કરાઈ હતી. જેમાં બિયારણ અને ખાતરનું વેચાણ વિક્રેતાઓ નિયમાનુસાર વેચાણ ન કરવા જેવી અનેક બાબતોની ચકાસણી કરીને ગેરરીતિ આચરનારા સામે કડક પગલા ભરાયા હતા. આ આકસ્મિક તપાસમાં કુલ ૯૧ ડીલરો-એજન્સીઓની ચકાસણી કરાઈ હતી. જેમાં ૫૩ વિક્રેતાઓને અનિયમિતતા બદલ શો-કોઝ નોટીસો પાઠવવામાં આવી છે. જયારે જંતુનાશક દવા, બિયારણ અને ખાતરના શંકાસ્પદ લગતા ૧૨ નમુના ચકાસણી અર્થે પ્રયોગશાળામાં મોકલી આપવામાં આવ્યા છે. પ્રિન્સીપલ સર્ટિફિકેટનો ઉમેરો કરવ્યા વગરનો રૂ.૧૧,૬૮,૫૫૦ નો ઈનપુટ જથ્થો અટકાવાયો છે. આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને તેમજ ખેડૂતોને સાચું અને સારી ગુણવત્તાનું દવા, બિયારણ અને ખાતર મળી રહે ઉપરાંત ખેડૂતો દ્વારા તેનો ઉપયોગ કરવાથી તેમના પાકને નુકસાન ન થાય અને તેઓના પાકના પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુથી વડોદરાના વિભાગના સયુકત ખેતી નિયામક (વિસ્તરણ)એ આંતર જીલ્લા સ્કવોડની રચના કરી છે. જે અંતર્ગત આ ટીમની રચના કરાઈ હતી. તેમજ ગત તા.૨૬ થી ૨૮ મે દરમિયાન આ ઝુંબેશ હાથ ધરાઈ હતી.

### ચૂલા ઉપર રસોઈ બનાવતા અને ધુમાડાના લીધે ઘણી તકલીફ પડતી જેવી કે

# આંખમાં ધુમાડો લાગતા આંખે ઘણું નુકશાન થતું હતું, પરંતુ સરકારે મારા જેવી ગરીબ મહિલાઓની ચિંતા કરીને ગેસ અને સગડી આપી ધુમાડામાંથી મુકિત આપી



લુણાવાડા,

સુખી અને સાધન સંપન્ન પરિવારોમાં એલ.પી.જી. ગેસ કનેકશન સામાન્ય બાબત બની ગઈ છે. પરંતુ તમને જો કોઈ ગરીબ પરિવાર કે સામાન્ય કાચા મકાનમાં રહેતા પરિવારમાં એલ.પી.જી. ગેસ કનેકશન જોવા મળે તો કદાચ તમને નવાઈ લાગવાની સાથે આશ્ચર્ય પણ થાય કે, આટલા ગરીબ પરિવારમાં અને કાચા મકાનમાં રહેતા પરિવારને ત્યાં એલ.પી.જી. ગેસ કનેકશન અને તે પણ મફતમાં !

હા, આ વાત સાચી છે. આનો શ્રેય જાય છે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાને. પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કેન્દ્રમાં શાસન ધુરા સંભાળીને ગરીબ અને મધ્યમવર્ગ સહિત કાચા ઝૂંપડા કે મકાનમાં રહેતા હોય તેવા પરિવારો કે જેઓ તેમની રસોઈ ચૂલા ઉપર લાકડા સળગાવીને રસોઈ બનાવતા હતા. આ રસોઈ બનાવતા પહેલાં મહિલાઓએ ચૂલો સળગાવવા માટે ઘણીવાર ફૂંકો પણ મારવી પડતી હતી અને ચૂલામાંથી ધૂમાડા પણ નીકળે જેના કારણે આ મહિલાઓના સ્વાસ્થ્ય ઉપર અસર થવા પામતી હતી અને રસોઈ ઝડપથી તૈયાર ન થવાના કારણે સમય પણ ખૂબ જતો હોવાને કારણે મહિલા બીજા કામમાં સમય આપી શકતી નહોતી. આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આવા પરિવારોને ચૂલા ઉપર કરવી પડતી રસોઈ અને ધુમાડામાંથી મુકિત મળે તે માટે મફત એલ.પી.જી. ગેસ કનેકશન આપવાનો નિર્ણય કરી આ યોજનાનો અમલ કર્યો જેનો મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની સરકારે અસરકારક અમલ કરીને નારી શકિતને આત્મ ગૌરવ આપવાની સાથે નારી ઉત્કર્ષના નિર્ણયો થકી સમાજમાં ક્રાંતિ લાવવાનું કામ કર્યું છે.

અહીં વાત કરવી છે કે, મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના હાડાના મુવાડા ગામે રહેતા અને પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાર્થી સરોજબેન હાડાની.

પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાના લાભાથી નિઃશુલ્ક લાભ મેળવનાર સરોજનબેન હાડાની જયારે મુલાકાત લેવામાં આવી ત્યારે તેમણે મુલાકાત દરમિયાન જણાવ્યું કે, મને ગેસની સગડી મળી તે પહેલાં ચૂલા ઉપર રસોઈ બનાવતી હતી જેથી ઘણી તકલીફ પડતી હતી. જેમ કે આંખમાં ધુમાડો લાગતા આંખે ઘણું નુકશાન થતું હતું. ચોમાસામાં વરસાદના કારણે ચૂલો સળગાવવામાં તકલીફ પડતી હતી. પરંતુ સરકારે મારા જેવી ગરીબ મહિલાઓની ચિંતા કરીને ગેસ અને સગડી આપી છે.

સરોજબેને આમ જણાવતાં તેમને પૂછવામાં આવ્યું કે, તો તમને આનાથી શું લાભ થયો તો તેઓ કહે છે કે, ગેસ અને સગડી મળવાથી હોંશે-હોંશે રસોઈ બનાવું છું. જેનાથી ધુમાડાથી થતી બિમારીથી બચી શકાય છે અને સ્વાસ્થ્ય પણ સારૂં રહે છે. ચોમાસામાં વરસાદને કારણે ઘણી તકલીફ પડતી હતી પરંતુ ગેસ સગડીનો લાભ મળતાં હવે ઝડપથી રસોઈ બનાવી શકું છું. સરોજબેન વધુમાં ખુશ થતાં પોતાને ગેસ-સગડી મળતાં પ્રધાનમંત્રીની ઉજ્જવલા યોજનાનો લાભ આપવા માટે સરકારનો આભાર માનતા કહે છે કે, સુખી પરિવારોની જેમ અમને પણ આ ગેસ-સગડીની સહાય મળતાં અમારૂં જીવન સરળ બનાવ્યું છે.

આમ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના છેવાડાના સામાન્ય માનવીને પણ ગેસ-સગડીની સહાય પૂરી પાડીને માનવજીવનને સરળ બનાવવામાં મોટો ભાગ ભજવી રહી છે.

# ગોધરા આકાશવાણી કેન્દ્ર પાછળ ખુલ્લામાં નશીલી દવાનું વેચાણ કરતાં ત્રણ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા આકાશવાણી કેન્દ્ર પાછળ ખુલ્લા મેદાનમાં ત્રણ ઈસમો પોતાના અંગત ફાયદા માટે નશીલી દવાઓની બોટલો નંગ-૧૩ કિંમત ૧૯૫૦/- તથા ગાંજો ૫૯ ગ્રામ મળી રૂપીયા ૪૩૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપાઈ જઈ ગુન્હો કર્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા આકાશવાણી કેન્દ્ર પાછળ ખુલ્લા મેદાનમાં સમીર મહેબુબ દેડકી, અરબાઝ સત્તાર મિસ્ત્રી, અકીબ જાવેદ રફીક મિસ્ત્રી પોતાના અંગત સ્વાર્થ માટે નશીલી દવાનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી ઈસમો પાસેથી નશીલી દવાની બોટલો નંગ-૧૯ કિંમત ૧૯૫૦/-રૂપીયા તથા ગાંજા ૫૯ કિંમત ૬૦૦/-રૂપીયા આરોપી ફરદીનખાન ફિરોજખાન પઠાણ પાસેથી ખરીદી કરી છુટક વેચાણ કરવા રાખેલ હોય અને પોલીસની રેઈડ દરમિયાન આરોપી અરબાઝ અને અકીબ પાસેથી ૧૮૦૦/-રૂપીયા રોકડ મળી ૪૩૫૦/-ના મુદ્દામાલ ઝડપી પાડી આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# પાવાગઢ સીટી ગેટ સાથે બાઈક ચાલક અથડાતા માથામાં ગંભીર ઈજાઓ થતાં મોત

પાવાગઢ,

પાવાગઢ સીટી ગેટ પાસે રોડ ઉપર બાઈક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી સીટી ગેટ સાથે અથડાવી દેતાં માથાના ભાગે ઈજાઓ થવા પામી હતી. જેઓને દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ પાવાગઢ સીટી ગેટ પાસે રોડ ઉપર થી પસાર થતાં બાઈક નંબર જીજે.૦૬.જેએચ.૬૨૯૧ના ચાલક સંજયભાઈ રમેશભાઈ ઢોઢીયાએ બાઈક સીટી ગેટ સાથે અથડાવી દેતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તેઓ દવા સારવાર માટે દાખલ કરતાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.

### કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા કોરોના પોઝિટિવ

# સોનિયા સાથેની બેઠકમાં સામેલ અન્ય ઘણા નેતાઓને પણ ચેપ લાગ્યો હોવાનું કહેવાય છે

નવીદિલ્હી,

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી કોરોના પોઝિટિવ આવ્યા છે. સોનિયા સાથેની બેઠકમાં સામેલ અન્ય ઘણા નેતાઓને પણ ચેપ લાગ્યો હોવાનું કહેવાય છે. સોનિયાએ એક દિવસ પહેલા જ દિલ્હીમાં પાર્ટી દ્વારા આયોજિત આઝાદી ગૌરવ યાત્રાના સમાપન સમારોહમાં હાજરી આપી હતી. કોરોનાથી સંક્રમિત થયા બાદ, આગામી સપ્તાહે બુધવારે નેશનલ હેરાલ્ડ અખબાર સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના મુખ્યાલયમાં જવા અંગે શંકાની સ્થિતિ સર્જાઈ છે. સોનિયા ગાંધીના કોરોના સંક્રમણ વિશે માહિતી આપતા કોંગ્રેસના રણદીપ સિંહ સુરજેવાલાએ કહ્યું કે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી છેલ્લા એક સપ્તાહમાં ઘણા નેતાઓ, કાર્યકરોને મળ્યા હતા, જેમાંથી ઘણા કોવિડ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું હતું. ગઈ સાંજથી કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીને થોડો તાવ અને કોવિડના લક્ષણો હતા. આજે ટેસ્ટ કરાવતાં તેણી કોવિડ પોઝીટીવ હોવાનું જાણવા મળ્યું હતું. આ પહેલા દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે કોંગ્રેસ દ્વારા આયોજિત આઝાદી ગૌરવ યાત્રાનું બુધવારે સમાપન થયું હતું. આ પ્રસંગે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને અન્ય પાર્ટીના નેતાઓ હાજર રહ્યા હતા. કોંગ્રેસના મોરચાના સંગઠન સેવાદળ વતી આ યાત્રા ૬ એપ્રિલે ગુજરાતમાં સાબરમતીથી શરૂ થઈ હતી. સેવાદળના વડા લાલજી દેસાઈ કહે છે કે આ યાત્રામાં સામેલ લોકોએ ૧૩૦૦ કિમીથી વધુની મુસાફરી કરી હતી. દિલ્હીના રાજઘાટ ખાતે યાત્રાનું સમાપન થયું હતું. આ પ્રસંગે સોનિયા ગાંધીએ સમગ્ર પ્રવાસમાં સામેલ કેટલાક કાર્યકરોનું સન્માન કર્યું હતું અને કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને મહાપુરુષોના સિદ્ધાંતોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી. એ યાદ રહે કે એક દિવસ પહેલા, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ અખબાર નેશનલ હેરાલ્ડ સાથે સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં પૂછપરછ માટે કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીને બુધવારે હાજર થવા માટે સમન્સ પાઠવ્યું છે. ઈડીએ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયાને આવતા અઠવાડિયે ૮મી જૂને હાજર થવા જણાવ્યું છે, જ્યારે રાહુલ ગાંધીને આજે હાજર થવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તેઓ વિદેશમાં છે અને રવિવાર સુધીમાં તેમને મુક્તિ માટે વિનંતી કરી છે. સમન્સ પર કોંગ્રેસના નેતા અભિષેક મનુ સંઘવીએ કહ્યું કે વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી સમન્સનું પાલન કરશે, જ્યારે રાહુલ ગાંધી અહીં હશે અથવા નવી તારીખની વિનંતી કરશે તો તેઓ જશે. સિંઘવી અને કોંગ્રેસના નેતા રણદીપ સુરજેવાલાએ કહ્યું કે રાહુલ ગાંધીએ તપાસ એજન્સીને પત્ર લખીને હાજર થવાની તારીખ ૫ જૂન સુધી મુલતવી રાખવા જણાવ્યું છે કારણ કે તેઓ દેશમાં નથી.

# ઝાલોદના લીલવાદેવા ગામના ૨૫ વર્ષીય યુવકે ઉંદર મારવાની દવા પી જતાં સારવાર દરમિયાન મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીલવાદેવા ગામે રહેતાં એક ૨૫ વર્ષીય યુવકે અગમ્યકારણોસર ઉંદર મારવાની ઝેરી દવા ગટગટાવી લેતાં સારવાર દરમ્યાન યુવકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૭મી મેના રોજ ઝાલોદ તાલુકાના લીલવાદેવા ગામે ગરાસીયા ફળિયામાં રહેતાં ૨૫ વર્ષીય પ્રિતેશભાઈ મલાભાઈ ગરાસીયાએ અગમ્યકારણોસર પોતાના ઘરે મુકી રાખેલ ઉંદર મારવાની ઝેરી દવા ગટગટાવી લેતાં પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. સારવાર દરમ્યાન ગતરોજ પ્રિતેશભાઈનું મોત નીપજતાં આ સંબંધં મૃતક પ્રિતેશભાઈના ભાઈ મહેન્દ્રભાઈ મલાભાઈ ગરાસીયાએ લીમડી પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, પરંતુ તમારે સામાજિક અંતરના નિયમોનું પાલન કરવું જોઈએ.

વૃષભ : આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્ક : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો.

સિંહ : આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓ ધીરજ અને હળવા વર્તનથી સુધારી શકાય છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા : આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો. આજે તમે થોડો સમય આરામ કરવા માટે સક્ષમ હશો.

વૃશ્ચિક : આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. કાયમી મિલકતની બાબતમાં, પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

ધનુ : આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે. કોઈ પોતાના માટે કેટલાક પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે.

મકર : આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે. કદાચ આજે તમારે પુત્ર અને પુત્રીને લઈને કોઈ મોટો નિર્ણય લેવો પડશે.

કુંભ : આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન : આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે. આજે તમારા ઘણાં અધૂરા કામો કરવામાં આવશે અને મહત્વની ચર્ચાઓ પણ થશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદમાં પૂ.ઠક્કરબાપા સ્થાપિત ભીલ સેવા મંડળની ૨૦ આશ્રમશાળાના પુનઃ નિર્માણ માટે ૧૨ કરોડ મંજૂર થયા


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આઝાદી પહેલાંથી દાહોદ જિલ્લામાં ભીલ સેવા મંડળ શિક્ષણ કાંતિનુ કામ કરી રહી છે. ત્યારે શિક્ષણનું સિંચન કરતી આ સંસ્થાના કેટલાયે મકાનો જર્જરિત થઇ ગયા હોવાથી તેના સમારકામની તાતી જરૂરિયાત હતી. ત્યારે સંસ્થાના સંચાલકોએ તે અંગેની રજૂઆત દાહોદના સાંસદને કરી હતી. જેથી સાંસદે ગુજરાત સરકારમાં સક્રિય પ્રયત્નો કરી મકાનોના પુનઃનિર્માણ માટે ૧૨ કરોડ રૂપિયા જેટલી જંગી ગ્રાન્ટ મંજૂર કરાવી આપતા સંચાલકોએ સાંસદને સન્માનપત્ર ભેટ આપી તેઓનું અભિવાદન કર્યુ હતું.

પૂજ્ય ઠક્કરબાપાએ આઝાદી પહેલાં દાહોદના આદિવાસી વિસ્તારને પોતાની કર્મભુમિ બનાવી હતી. તેઓએ છેવાડાનો આદિવાસી શિક્ષિત થાય અને સમાજના સામાન્ય પ્રવાહમાં આવે તેના માટે આ વિસ્તારમાં શિક્ષણ કાંતિ સર્જવાનું સ્વપન જોયુ હતું. જેથી વર્ષ ૧૯૨૩ માં પૂજ્ય ઠક્કરબાપાએ દાહોદમાં ભીલ સેવા મંડળની સ્થાપના કરી હતી. આ સંસ્થા દ્વારા દાહોદ જિલ્લામાં પ્રાથમિક કક્ષાથી માંડી મહાશાળા સુધીનું શિક્ષણ આપવામાં આવે છે અને તેમાં જિલ્લાના મહત્તમ આદિવાસી બાળકો શિક્ષણ લઇ રહ્યા છે. મહાત્મા ગાંધીજીએ પ્રારંભ કરાવેલું બુનિયાદી શિક્ષણ પણ ભીલ સેવા મંડળ દ્વારા આપવામાં આવે છે. ત્યારે જે સંસ્થા ૧૦૦ વર્ષની થવા આવી છે. તે સંસ્થાના કેટલાયે સરસ્વતી મંદિરો પ્રાચીન બની જતાં તેની ઈમારતો જર્જરિત થઇ ગઇ છે. તે પૈકી પ્રાથમિક અને પાયાનું શિક્ષણ આપતી ૨૦ જેટલી આશ્રમ શાળાઓ સંપૂર્ણ જર્જરિત થઇ જતાં જોખમી થઇ ગઇ હોવાથી તેનું સમારકામ ગરીબ આદિવાસી બાળકોના હિતમાં કરાવવુ જરૂરી હતું. ત્યારે તેના માટેની માતબર રકમ લાવવી ક્યાંથી તે સંચાલકો માટે યક્ષ પ્રશ્ન હતો. જેથી સંસ્થાના પ્રમુખ શાંતિલાલ નિનામા, મંત્રી મુકેશભાઇ પરમાર અને ટ્રસ્ટીઓએ આ અંગે દાહોદના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોરને આ અંગેની રજૂઆત કરી ઘટતું કરવા વિનંતી કરી હતી. જેથી સમસ્યાની ગંભીરતા જોઇને સાંસદે રાજ્ય સરકારમાં તે અંગેની વિવિધ દરખાસ્તો રજૂ કરાવડાવી તેની તાંત્રિક અને વહીવટી મંજૂરી માટે એડી ચોટીનું જોર લગાવ્યુ હતું. મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, આદિજાતિ કલ્યાણ મંત્રી થી માંડીને સંગઠનના નેતાઓ સુધી રજૂઆતો કરી હતી. છેવટે સાંસદના પ્રયત્નો સફળ થતાં ગુજરાત સરકારે ભીલ સેવા મંડળની ૨૦ આશ્રમશાળાઓના સમારકામ તથા પુનઃ નિર્માણ માટે ૧૨ કરોડ રૂપિયા જેટલી માતબર ગ્રાન્ટ એક ઝાટકે જ મંજૂર કરી દેતાં સંસ્થાના સંચાલકોની એક મોટી ચિંતા દુર થઇ ગઇ છે. જેથી સંસ્થાના પ્રમુખ શાંતિલાલ નિનામા, મંત્રી મુકેશભાઇ પરમાર અને ટ્રસ્ટીગણ દ્વારા સાંસદ જશવંતસિંહ ભાભોરને સુધીરભાઇ લાલપુરવાલા, અનિલભાઇ અગ્રવાલની ઉપસ્થિતિમાં એક સન્માન પત્ર આપી તેઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સાંસદે આ બાબતે જણાવ્યુ હતું કે, હું પણ એક આદિવાસીનો દીકરો છું તેમજ મૂળ શિક્ષણનો જીવ છું ત્યારે સંસ્થામાં આવતી આવી મુશ્કેલીઓને સમજી શકુ છું. જેથી પૂ.જ્ય ઠક્કરબાપાએ શરૂ કરેલા ભગીરથ કાર્યમાં મને સહભાગી થવાની સુવર્ણતક મળી છે. તે મારૂ સદ્ભાગ્ય છે અને તે જ પૂજ્ય બાપાને સાચી શ્રધ્ધાંજલિ છે.

## દાહોદ રેલ્વે સ્ટેશનમાં બોમ્બ મુકયાની બાતમીથી અફડાતફડી મોકડ્રીલ હોવાનું બહાર આવતાં રાહત



દાહોદ,

દાહોદ રેલવે સ્ટેશન ખાતે રેલવે પોલીસ ફોર્સ (RPF)ને રેલવે સ્ટેશન પર બોમ્બ મુકાયો હોવાની બાતમીના આધારે તપાસ કરતા પ્લેટફોર્મ નંબર ૧ પર એક બેગ લાવરીશ અવસ્થામાં પડેલો બાતમી મળતા હોવાની માહિતી મળતા RPF, રેલવે પોલીસ, અન્ય એજેન્સીના અદિકારીઓ સહિત અન્ય સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયા હતા. જોકે અંતે આ એક મોકડ્રિલ હોવાનું બહાર આવતા સૌં કોઈએ રાહતનો શ્વાસ લીધો.

આજરોજ વહેલી સવારના સમયે દાહોદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર બોમ્બ મુકાયો હોવાની બાતમી આર.પી.એફ. પોલીસને મળતા આરપીએફના પીઆઇ દ્વારા ઘટના સબંધી તપાસ હાથ ધરતા પ્લેટફોર્મ નંબર એક પર એક બેગ શંકાસ્પદ હોવાનું ધ્યાને આવતા આરપીએફ દ્વારા, આ બાબતની જાણ ટાઉન પોલીસ, ગુજરાત રેલવે પોલીસ, બોમ્બ સ્કવોડ, સ્ટેશન માસ્ટર, સી.એમ.આઈ. ને કરાતા રેલવે પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓને રેલવે સ્ટેશન ખાતે દોડી ગયા હતા. બોમ્બ સ્કવોડ ડોગ સ્કોડ સહિત તમામ એજન્સી એકાએક દાહોદ રેલવે સ્ટેશન ઉપર પહોંચતા દાહોદ રેલવે સ્ટેશન ઉપર હાજર મુસાફરોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. તેમજ પોલીસની તમામ એજન્સીઓ દ્વારા શંકાસ્પદ બેગોમાં તપાસ હાથ ધરી હતી. અંતે આ કામગીરી મૌકડ્રિલ હોવાનું જણાતા મુસાફરોએ હાશકારો અનુભવ્યો હતો.

## દાહોદમાં તાલુકા કક્ષાનો વિદ્યાર્થીઓ માટેનો કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયા



દાહોદ,

દાહોદમાં તાલુકા કક્ષાના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ ફતેપુરા, સંજેલી, ગરબાડા તેમજ લીમખેડા ખાતે યોજાયા હતા. રાજ્ય સરકારની આ ઉમદા પહેલને વિદ્યાર્થીઓએ આવકારી લીધી હતી અને સેમીનારમાં મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને નિષ્ણાંતો દ્વારા ઓનલાઇન તેમજ ઓફલાઇન માર્ગદર્શન અપાયું હતું.

તાલુકા કક્ષાના કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવે, જિલ્લા રોજગાર અધિકારી અલ્પેશ ચૌહાણ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા અને વિદ્યાર્થીઓને કારકિર્દી માટેની શુભેચ્છા સહ માર્ગદર્શન આપ્યું હતું. આ વિષયના નિષ્ણાંતો ઉપર તાલુકા કક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર બાબતે માર્ગદર્શન કર્યું હતું.

આવતી કાલે પણ તા. ૩ મેના રોજ પણ બી.એમ. હાઇસ્કુલ ઝાલોદ ખાતે, શ્વેતલ હાઇસ્કુલ પિપેરો ધાનપુર ખાતે તેમજ મોડેલ સ્કુલ, દેવગઢબારિયા ખાતે સવારે ૧૦ વાગ્યેથી વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સેમીનાર યોજાશે. રાજ્ય સરકાર દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને તેમની ઉચ્ચ કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શન મળી રહે એ આશયથી રાજ્યમાં સૌપ્રથમવાર સુગ્રથિત પ્રયાસ કરીને “નવી દિશા નવું ફલક” કાર્યક્રમ અંતર્ગત રાજ્યભરમાં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાઇ રહ્યાં છે. જે અંતર્ગત દાહોદમાં જિલ્લા કક્ષા ઉપરાંત તાલુકા કક્ષાએ પણ યોજાઇ રહ્યાં છે. જેથી છેવાડાના વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ સુધી પણ કારકિર્દી ઘડવા માટેનું માર્ગદર્શન મળી રહે.

## ઝાલોદમાં લઘુમતિ કોમની મહિલાને દહેજની માંગણી કરી કાઢી મુકતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં એક લઘુમતિ કોમની પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા કહેજની માંગણી કરી શારિરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં પરણિતા દ્વારા મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઝાલોદ નગરમાં સીવીલ કોર્ટ પાછળ રહેતી લઘુમતિ કોમની પરણિતા રેહમત મુસ્તાક ટીંમીવાલાના લગ્ન સીવીલ કોર્ટ પાછળ રહેતાં સહલ અ. રહીમ સાથે આજથી ત્રણ વર્ષ અગાઉ સમાજના રિતી રિવાજ મુજબ થયાં હતાં. થોડા સમય સુધી રેહમતને પતિ તથા સાસરી પક્ષનાએ સારૂ રાખ્યાં બાદ પોત પ્રકાશ્યું હતું અને પતિ સહલ દ્વારા પરણિતા રેહમતબેનને કહેલ કે, મારે ઈકો ગાડી લાવવાની છે, તારા બાપે દહેજમાં કંઈ આપેલ નથી, તારા બાપ પાસેથી રૂા. ૩ લાખ લઈ આવ જેથી રેહમતબેને કહેલ કે, મારા પિતા પાસે પૈસા નથી. આ સાંભળી સહલ એકદમ ઉશ્કેરાઈ જઈ રહેમતબેનની સાથે મારઝુડ કરી હતી અને સાસરી પક્ષના અ.રહીમ ઈસ્માઈલ, ખૈરૂનબીબી અ.રહીમ તેમજ ખરહીન ફાકરૂ ગુડાલા દ્વારા પણ પરણિતા રહેમતબેનને કહેતા હતાં કે, અમારા છોકરાને અમારે બીજી પત્નિ લાવવાની છે, તેમ કહી રહેમતબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપી, રહેમતબેનની નણંદ ફરહીનએ કહેલ કે, મારા ભાઈને સારી જગ્યાએથી માંગા આવતા હતા પરંતુ મારા ભાઈએ તારી જોડે શાદી કરેલ અને દહેજમાં કંઈ લાવી નથી, તેમ કહી બેફામ ગાળો બોલી, ધાકધમકીઓ આપી રહેમતબેનને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં રહેમતબેન પહેરેલ કપડે પોતાના પિયર ઝાલોદ નગરના અલીફનગર સોસાયટી ખાતે આવી પહોંચી હતી અને આ સંબંધે મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના આગાવાડ ગામેથી ઈક્કો ગાડી માંથી ૧.૧૨ લાખના દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના આગાવાડ ગામેથી પોલીસે એક ઈક્કો ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૧,૧૨,૬૦૮ના પ્રોહી જથ્થા સાથે ગાડીના ચાલક સહિત બે જણાની અટક કરી જ્યારે એક ઈસમ પોલીસને ચકમો આપી નાસી જતાં પોલીસે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૨,૬૬,૧૦૮નો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે.

ગત તા.૦૧ જુનના રોજ દાહોદ તાલુકાના કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે આગાવાડા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવિલ એક ઈક્કો ફોર વ્હીલર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાંની સાથે ગાડીને પોલીસે ચારેય તરફથી ઘેરી લીધી હતી. ત્યારે તેમાં સવાર ત્રણ પૈકી મધ્યપ્રદેશના ઠેકાનો માલિક પોલીસને ચકમો આપી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. ત્યારે પોલીસે ગાડીમાં સવાર મહેશભાઈ ભુરસીંગભાઈ સંગાડા (રહે. સંગાડા ફળિયું, તા. ઝાલોદ, જિ.દાહોદ) અને બીપીનભાઈ ભરતભાઈ ભુરીયા (રહે. પસાયા ફળિયું, બીલાવાણી, તા. ઝાલોદ, જિ.દાહોદ) નાને પોલીસે ઝડપી પાડી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૮૬૪ કિંમત રૂા. ૧,૧૨,૬૦૮ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા, ૨,૬૬,૧૦૮નો મુદ્દામાલ પોલીસે કબ્જે કરી આ સંબંધે કતવારા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના અગારા (ઉ) ગામાની પરણિતાને ત્રાસ આપી ઘર માંથી કાઢી મુકતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના અગારા (ઉ) ગામે એક પરણિતાને તેના પતિ તથા સાસરીયાઓ દ્વારા પરણિતાને શારિરીક અને માનસીક ત્રાસ આપી પતિ દ્વારા બીજી પત્નિ લઈ આવી પહેલી પત્નિને ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકતાં પરણિતાએ પોલીસમાં ફરિયાદમાં નોંધાંવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. લીમખેડા તાલુકાના અગારા (ઉ) ગામે રહેતાં પરણિતા હંસાબેન નરવતભાઈ મુનીયાને તેના પતિ ગણેશભાઈ રમણભાઈ તેમ સાસરી પક્ષના રમણભાઈ રચલાભાઈ, સુમીબેન રમણભાઈ, મડીબેન રચલાભાઈ તમામ જાતે ભુરીયા અને ગણેશભાઈની પહેલી પત્નિ હંસાબેન હોવા છતાંય બીજી પત્નિ તરીકે વર્ષાબેન પર્વતભાઈ નિનામાને ઘરે લઈ આવ્યો હતો અને પહેલી પત્નિ હંસાબેનને ઉપરોક્ત તમામ જણા ભેગા મળી શારિરીક અને માનસીક ત્રાસ આપી બેફામ ગાળો બોલી, બીજી પત્નિ લાવવા સારૂં હેરાન પરેશાન કરતાં પરણિતા હંસાબેનને પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં હંસાબેન પોતાના પિયર લીમખેડા તાલુકાના પીપળી, ગારી ફળિયા ખાતે આવી પહોંચી હતી. આ સંબંધે હંસાબેન નરવતભાઈ મુનીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા નગર પાલિકાના દ્વારા ચોમાસું માથે આવ્યું હોવા છતાં વરસાદી પાણીની કાંસો કચરા થી ભરેલીને ભરેલી છે

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાની હદમાં જે વરસાદી અને ગંદા પાણીની કાંસો આવેલી છે. તેની સાફ સફાઈનું કાર્ય હજુ સુધી હાથ ધરવામાં આવ્યું નથી. સ્વચ્છ ભારત મિશનની અઢળક ગ્રાન્ટો ફળવાય છે પણ તેનો ઉપયોગ ક્યાં કરવામાં આવે છે. તે કાગળો પર ગ્રાન્ટનો વપરાશ બતાવાય છે. તે આમ જનતામાં ચર્ચાઈ રહ્યું છે કે શું ? રાત્રી સ્વચ્છ ભારત મીશનમાં શહેરનો મુખ્ય માર્ગ એટલે એકબત્તી થી સુભમ સર્કલ સુધી જે રાત્ર સફાઈ અભિયાન પણ હાલમાં બંધ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેર માંથી પસાર થતી વરસાદી અને ગંદા પાણીની કાંસોમાં પુષ્કળ કાદવ કીચડ ભરેલી દેખવા મળે છે. મોનસુન પહેલા તકેદારીના રૂપે દરેક જીલ્લા કલેકટરે આદેશો આપ્યા છે. તેમ છતાં દે. બારીયા નગર પાલિકા કુંભકર્ણની નિંદ્રા માંથી જાગી નથી. ભે દરવાજા નાળામાં મળતી કાંસ તેમજ નાના તળાવના આવેલાની કાંસ કાળા નાળા અને જેલ બગીચા પાસેની કાંસ, નગર પાલિકાના ટાઉન હોલથી પસાર થઈ જુના મહેલ પાસેના નાળા સુધીની કાદવ કીચડ ભરેલ કાંસો છે શું ? આ કાંસો સાફ થયેલી છે ખરી તે એક મોટો પ્રશ્નાર્થ ચિન્હ છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગતની ગ્રાન્ટોનો સદ્ઉપયોગ થાય તો અને દૈનિક તમામ જાહેર ઉકરડાના કચરાનો ડમ્પીંગ સાઈડ નિકાલ થાય તો પહેલાની જેમ પંચમહાલ અને દાહોદનું પેરીસ દે.બારીયા શહેર બની શકે છે.

## ધી આધાર કો. ઓપરેટીવ ક્રેડીટ સો.લિ. દાહોદ દ્વારા જેસાવાડા ખાતે નવીન શાખાનું ઓપનીગ ગોપાલ ભાઈ ધાનકા એ કર્યું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે તાજેતરમાં ધી આધાર કો.ઓપરેટીવ ક્રેડીટ સો.લિ. દાહોદ દ્વારા નવીન શાખાનું ઓપનીગ ગોપાલભાઈ ધાનકા ચેરમેન દાહોદ જિલ્લા ફેડરેશન લિ. દાહોદ અને જેસાવાડાના સરપંચ ચંદ્રભાણસિહ કટારા દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે પ્રમુખ સ્થાને મહેશભાઈ મકવાણા, ડાયરેક્ટર જગદીશભાઈ મકવાણા, એજયુ. ઓફિસર યોગેન્દ્ર પાઠક, ચિત્રકૂટ એવોર્ડી કિરણસિંહ ચાવડા, રોહિત સમાજ પંચ ના પૂર્વ મંત્રી ભરતસિંહ મકવાણા, પંચાયત સભ્ય રામાભાઈ પરમાર, વિગેરે મહાનુભાવો ની ઉપસ્થિતિમાં યોજાયેલ હતો. પ્રાસંગિક પ્રવચન ગોપાલભાઈ ધાનકા રામાભાઈ પરમાર, કિરણસિંહ ચાવડા, ભરતસિંહ મકવાણા એ કર્યું હતું. તેમણે બેન્ક ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશીર્વાદ આપ્યા હતા. આભાર વ્યક્ત જગદીશ મકવાણા એ કર્યો હતો.

## કલેકટરના અધ્યક્ષ સ્થાને દિવ્યાંગ વ્યક્તિઓ માટે લોકલ લેવલ કમિટીની બેઠક યોજાઈ

દાહોદ,

કલેકટર ડૉ. હર્ષિત ગોસાવીના અધ્યક્ષ સ્થાને દિવ્યાગ વ્યક્તિઓ માટે લોકલ લેવલ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કુલ ૨૮ અરજીઓ મંજુર કરવામાં આવી છે. જેની વિગતવાર માહિતી બ્લાઇન્ડ વેલફેર કાઉન્સિલના મંત્રી ડૉ. યૂસુફી કાપડિયાએ આપી હતી. ગાર્ડિયનશિપમાં તેઓના નજીકના સંબંધીઓ ગાર્ડિયન બનાવવામાં આવે તેવી જોગવાઈ આ કાયદામાં કરવામાં આવી છે. કમિટીના અધ્યક્ષ અને કલેકટરએ દિવ્યાંગોના હિત માટે આ વિશે યોગ્ય પ્રચાર પ્રસાર કરવા સૂચન કર્યું હતું.

આ અંગે સમાજ સુરક્ષા અધિકારી આર.પી ખાટાએ ઉપસ્થિત તમામ સભ્યોને માહિતી આપતા જણાવ્યું કે, જ્યારે દિવ્યાંગ વ્યક્તિ ૧૮ વર્ષની ઉમર પૂર્ણ ના કરી હોય ત્યાં સુધી એના માતાપિતા તેના ગાર્ડિયન હોય છે. અને ૧૮ વર્ષ પૂર્ણ કરે ત્યારે ગાર્ડિયનશિપ માટે તેના કોઈ પણ ઈષ્ટ કે સગા સંબંધી ગાર્ડિયન બની શકે તેવી જોગવાઇ નેશનલ ટ્રસ્ટ એકટમાં કરવામાં આવી છે. જેથી દિવ્યાંગો માટે ભવિષ્યમાં ઊભી થતી કાયદાકીય ગૂંચ ને સરળ બનાવી શકાય.

દિવ્યાંગતા એ કોઈપણ વ્યકિત માટે ખૂબ જ પડકારરૂપ બાબત છે. ધી નેશનલ ટ્રસ્ટ એકટની જોગવાઈમાં મુખ્ય ચાર પ્રકારની દિવ્યંગતા જેમાં ઓટીઝમ, સેરેબલ પાલ્સી, એમ.આર. અને મલ્ટીપલ ડીસેબિલીટીનો સમાવેશ થાય છે. આ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ માટે નેશનલ ટ્રસ્ટ એક્ટ અંતર્ગત લોકલ કમિટીની રચના કરવામાં આવે છે. જિલ્લાકક્ષાની સ્થાનિક લોકલ લેવલ કમિટી આ પ્રકારના દિવ્યાંગો માટે કલ્યાણકારી કાર્ય કરવાનું કામ કરે છે.

આ મીટીંગમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી એસ.કે. તાવિયાડ, લીગલ કમ પ્રોબેશન ઓફીસર એ. જી. કુરેશી, અબ્બાસીભાઈ, બિલવાલ મુકેશભાઈ ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદના ગલાલીયાવાડની ૨૧ વર્ષીય યુવતિનું અપહરણ કરી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ગલાલીયાવાડ ગામેથી એક ૨૧ વર્ષીય યુવતીને એક યુવકે બળજબરીપુર્વક અપહરણ કરી વડોદરા મુકામે લઈ જઈ યુવતીની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર ગુજારી તેમજ યુવકના પરિવારજના મહિલા સહિત ત્રણ જણાએ યુવતીને લાકડી વડે તેમજ પાઈપ વડે અને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં યુવક તેમજ તેના પરિવારજનોના ચંગુલમાંથી છુટી યુવતી પોતાના ઘરે આવી પરિવારજનોને પોતાની ઉપર થયેલ અત્યાચારની આપવીતી સંભળાવતાં પરિવારજનો દ્વારા યુવતીને લઈ દાહોદ તાલુકા પોલીસ મથકે આવી યુવક સહિત તેના પરિવારજનો સામે પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

ગત તા.૨૯મી એપ્રિલના રોજ દાહોદ તાલુકામાં રહેતી એક ૨૧ વર્ષીય યુવતીને દાહોદ તાલુકાના ટીમરડા ગામે રહેતો પંકજભાઈ અજુભાઈ ભાભોરે યુવતીનું બળજબરીપુર્વક અપહરણ કરી લઈ વડોદરાના ગોરવા મુકામે લઈ ગયો હતો અને છેલ્લા બે મહિના સુધી એક મકાનમાં યુવતીને ગોંધી રાખી તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. પંકજભાઈના પરિવારજનોમાંથી અજુભાઈ તેરસીંગભાઈ ભાભોર, શકરીબેન અજુભાઈ ભાભોર અને મનિષાબેન પંકજભાઈ ભાભોરનાઓએ યુવતીને લાકડી વડે, પાઈપ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે માર મારી ઈજાઓ પહોંચાડી હતી. યુવતી ઉપરોક્ત યુવત સહિત તેના પરિવારજનોના ચંગુલમાંથી છુટી પોતાના પરિવારજનો પાસે આવી પોતાની ઉપર થયેલ અત્યારની આપવીતી પરિવારજનોને સંભળાવતાં પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી અને યુવતીને લઈ પરિવારજનો દાહોદ તાલુકા પોલીસ મથકે આવી યુવતી દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લા વિકાસ અધિકારીની સામાન્ય નાગરિકોની રાવ દૂર કરવા માટેની સુંદર પહેલ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ સામાન્ય નાગરિકોના કામ ગ્રામ પંચાયતમાં તલાટી કક્ષાએ અટકે નહી તે માટે વોટસઅપ ફરીયાદ નિવારણ નંબરની પહેલ કરી છે. સામાન્ય નાગરિકોને ગ્રામ પંચાયતોમાં તેમની કામગીરી પેન્ડિંગ ન રહે તેમજ ઝડપથી કામગીરી પૂર્ણ થાય એ માટે ફરિયાદ નિવારણ વોટસઅપ નંબરનો પ્રારંભ કરાયો છે.

આ નંબર ઉપર સામાન્ય નાગરિકો વોટ્સઅપ મેસેજ દ્વારા તેમની રાવ નાખી શકશે. જેના પર તાત્કાલિક પગલા લઈને ફરિયાદનું નિવારણ કરાશે. આ નંબર ઉપર દાહોદ જિલ્લાની તમામ ગ્રામ પંચાયતો ઉપર તલાટી તેમની ઓફિસમાં નિયમિત રીતે હાજર રહે છે કે કેમ? તમારૂં કામ તલાટી પાસે પેન્ડિંગ છે અને તેઓ જવાબ નથી આપતા ? આવી કોઈપણ તલાટીની સરકારી કામગીરી સંબંધિત ફરિયાદ/આવકના દાખલા/જાતિનો દાખલો વિગરે માટેની કોઈપણ રજુઆત જિલ્લા વિકાસ અધિકારી દાહોદ ફરિયાદ નિવારણ નંબર ૯૧-૭૫૬૭૦૦૫૦૭૩ ઉપર વિગતો સાથેનો સંદેશ /વોટસએપ ઉપર કરી શકાશે.

## ધાનપુરના સજોઈ ગામે છોકરીના નિકાલ માટે ૧૦ ઈસમોએ મારક હથિયારો સાથે એક વ્યકિતના ઘર ઉપર હુમલો કરતા ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના સજોઈ ગામે છોકરીનો નિકાલ કરવા મામલે ૧૦ જેટલા ઈસમોના ટોળાએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી એક વ્યકિતના ઘરે આવી એક મહિલા સહિત ત્રણ જણાને બેફામ ગાળો બોલી લાકડી વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતા પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૩૧મી મેના રોજ સજોઈ ગામે નિચવાસ ફળિયામાં રહેતાં નગરસિંહ તીતરીયાભાઈ, ધુળીયાભાઈ તીતરીયાભાઈ, બાબુભાઈ નગરસિંગભાઈ, દિનેશભાઈ નગરસિંહભાઈ, મુકેશભાઈ નગરસિંહભાઈ, રાજુભાઈ નગરસિંહભાઈ, ઈકેશભાઈ નગરાભાઈ, નરસુભાઈ મસુલાભાઈ, બચુભાઈ મડીયાભાઈ અને પ્રતાપભાઈ નાનજીભાઈ તમામ જાતે મોહનીયાનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી ગામમાં રહેતાં નગસિંગભાઈ વાલીયાભાઈ ભુરીયાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમો અમારી છોકરી લઈ ગયાં છો અને તેનો નિકલ કેમ નથી કરતાં આજે તો તમને જીવતાં નથી છોડવાના, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો બોલી લાકડી વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી નરસિંગભાઈ, શાન્તિબેન અને અરવિંદભાઈને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત નરસિંગભાઈ વાલીયાભાઈ ભુરીયાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.239

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# મોરવા(હ) હડફ ડેમના ગેટના ભાગો બદલવાની કામગીરી દરમિયાન પાણી છોડવામાં આવતાં નદીમાં કપાડા ધોતાં ૧૦ લોકો ફસાયા

## ડેમના ગેટ બંધ કરી નદીમાં ફસાયેલા ૧૦ લોકોને બચાવાયા

શહેરા,

મોરવાહડફ તાલુકામાં આવેલ હડફ ડેમના તમામ ગેટના મિકેનિકલ ભાગો બદલવાની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી હડફ ડેમના પાંચેય ગેટ ૨ ફૂટ સુધી ખોલી તેમાંથી ૨૩૧૨ ક્યુસેક પાણી નદીમાં છોડવાનું શરૂ કરાયું હતું. જ્યારે ડેમ માંથી પાણી છોડવામાં આવતા મોરવા હડફ પાસે પસાર થતી પાનમ નદીમાં મંડપનો કાપડ ધોઈ રહેલા ચાર કરતા વધુ લોકો ફસાઈ જતા ડેમનું પાણી બંધ કરીને તમામને બચાવી લેવામાં આવ્યા હતા.

પંચમહાલ જિલ્લાના મોરવાહડફ તાલુકામાંથી પસાર થતી હડફ નદી પર વર્ષ ૧૯૮૬માં હડફ ડેમ બાંધવામાં આવ્યો હતો અને તેના કુલ ૫ ગેટ બનાવવામાં આવ્યા હતા. ત્યારે વર્ષ ૨૦૧૨માં આ ડેમના ગેટના રબર સીલ, વાયર રોપ સહિતના મિકેનિકલ ભાગો બદલવામાં આવ્યા હતા. તે જ પ્રકારે હાલ પણ હડફ ડેમમાં આવેલ ૫ ગેટના રબર સીલ, વાયર રોપ સહિતના મિકેનિકલ ભાગો બદલવાની જરૂરિયાત હોવાથી તેની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. જેને લઈને તંત્ર દ્વારા હડફ ડેમને ક્રેસ્ટ લેવલ ૧૫૫.૫૩ સુધી ખાલી કરવાનો નિર્ણય લેવામાં આવતા આજે હડફ ડેમ વિભાગના અધિકારીઓ દ્વારા હડફ ડેમના તમામ ગેટ ૨ ફૂટ સુધી ખોલીને ૨૩૧૨ ક્યુસેક પાણી નદીમાં છોડવાનું શરૂ કરાયું છે. હાલ હડફ ડેમની જળ સપાટી ૧૬૩.૧૦ મીટર છે. જે ડેમમાં પાણી છોડવાથી ડેમના ક્રેસ્ટ લેવલ ૧૫૫.૫૩ મીટરે પહોંચશે તો ભવિષ્યમાં કોઈ હોનારત ન સર્જાય તે માટે હડફ ડેમના મિકેનિકલ ભાગો બદલવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરી વહેલી તકે પૂર્ણ થાય તે માટે હડફ ડેમના ગેટ ખોલી તેમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે. બીજી તરફ હડફ ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદી કાંઠાના વિસ્તારમાં આવતા માતરિયા વેજમા, મોરવા હડફ સહિતના ગામોના લોકોને નદીની આસપાસ ન જવા માટે તંત્ર દ્વારા સૂચના પણ આપવામાં આવી છે. જ્યારે મોરવા હડફ પાસે પસાર થતી પાનમ નદીમાં ૧૦ કરતા વધુ લોકો મંડપનું કાપડ ધોઈ રહેલ હોય ત્યારે ડેમમાંથી છોડાયેલા પાણી આવી જતા તમામ લોકો પાણીમાં ફસાઈ જતાં ડેમનું પાણી બંધ કરીને તમામને બચાવી લઈને બહાર કાઢવામાં આવ્યા હતા.

**હડફ ડેમની મરામત કામગીરીને લઈને ડેમ ખાલી કરવા માટે હડફ નદીમાં પાણી છોડાયું હતું. ત્યારે મોરવા હડફ ગામ પાસે હડફ નદીના પાણીમાં મંડપનું કાપડ ધોવા માટે ગયેલા ૧૦ ઉપરાંત વ્યક્તિઓ નદીના પાણી ફસાયા હતા. જેની જાણ આસપાસ સ્થાનિક રહીશો અને તંત્રને થતાં મોરવાહડફ તાલુકા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓ અને સ્થાનિક રહીશો દોડી આવ્યા હતા. ત્યારબાદ ડેમમાંથી છોડવામાં આવતું પાણી બંધ કરાવી નદીમાં ફસાયેલા વ્યક્તિઓને લોકો બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે હડફ સિંચાઈ વિભાગ દ્વારા ડેમમાંથી પાણી છોડતા પહેલા નદીના કાંઠા વિસ્તારના લોકોને નદીની આસપાસ નહીં જવા માટે એલર્ટ કરાયા હતા. તેમ છતાં લોકોએ નદીમાં જવાનું ટાળ્યું નહીં.**



## ડેમ માંથી પાણી છોડતા નદીમાં પાણી વહેતા દશ વ્યકિતઓ પાણીના પ્રવાહમાં ફસાયા



હડફ ડેમ માંથી મંગળવારે ગેટ રબર સીલ સહિતની મરામત માટે હડફ નદીમાં પાણી છોડવાનો પ્રારંભ કરાયો છે. જેથી નદી બે કાંઠે વહેતી થઈ છે. બીજી તરફ હાલ ઉનાળાની સીઝન હોવાથી નદીમાં આવેલા ચેકડેમ અને તેના કેચમેન્ટ વિસ્તારમાં આજુબાજુના સ્થાનિકો કપડાં ધોવા, પશુઓને પાણી પીવડાવવા માટે અવરજવર કરતાં હોય છે. જે મુજબ મંગળવારે પણ મોરવા પાસે હડફ નદીમાં બે કિશોર, બે કિશોરીઓ અને છ જેટલા યુવકો નદીમાં ગયા હતા.જેમાં કેટલાક યુવકો મંડપનો સામાન ધોવા માટે આવ્યા હતા. દરમિયાન અચાનક નદીમાં પાણીનું વહેણ વધી જતાં દશ વ્યક્તિઓ પાણીના વહેણમાં ફસાઈ ગયા અને બુમરાણ મચાવી ગભરાઈ ગયા હતા. જે અંગેની જાણ ધારાસભ્ય અને રાજયમંત્રી નીમિષાબેન સુથાર તેમજ મોરવા હડફ પીએસઆઈ એચ.જી.ભરવાડને થઈ હતી. જેથી તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. દરમિયાન મોરવા હડફ પીએસઆઈ એચ.જી ભરવાડ, તેઓના સ્ટાફ અને નીમિષાબેન સુથારના બોડીગાર્ડ ઘનશ્યામભાઈ તડવીએ રેસ્ક્યુ કામગીરી શરૂ કરી દેવા માટે પાણીમાં ઝંપલાવી દીધુ હતું અને તબક્કાવાર ફસાયેલા તમામ ને પાણી માંથી સલામત બહાર કાઢી લેવાયા હતા.આમ પોલીસ ટીમની મહેનત પાણીમાં ફસાયેલા વ્યકિતઓને બહાર કાઢવા માટે રંગ લાવી હતી. બીજી તરફ પાણીમાં ફસાયેલા કિશોર, કિશોરીઓ સહિતના સ્વજનો નદી ખાતે દોડી આવ્યા હતા જેઓએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. નોંધનીય છે કે, રેસ્ક્યુ કામગીરી શરૂ થવા થી પૂર્ણ થવા સુધી નીમિષાબેન સુથાર સ્થળ ઉપર ખડે પગે ઉભા રહ્યા હતા.

# ગોધરા પાલિકા વિસ્તારમાં સી.સી. રોડની કામગીરી કરતી એજન્સી દ્વારા ટેન્ડર કરાર વિરૂદ્ધ અને હલ્કી કામગીરીને લઈ માજી સભ્ય દ્વારા પ્રાદેશિક કમિશ્નર વડોદરાને લેખિત રજુઆત

**- એજન્સી દ્વારા કરાયેલ કામગીરીનું થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરાયું.**
**- એજન્સી કસુરવાર જણાય તો બીલનું ચુકવણું રોકી એજન્સીને બ્લેક લીસ્ટ કરવી.**
**- એજન્સી સામે પગલાં ભરવામાં ન આવે તો કોર્ટમાં જાહરહિતની પી.આઈ.એલ. દાખલ કરવાની ચિમકી.**

ગોધરા,

ગોધરા પાલિકા વિસ્તારમાં સી.સી.રોડની કામગીરી કરતી કોન્ટ્રાક્ટ એજન્સી દ્વારા કરવામાં આવેલ ગેરરીતિ કરવામાં આવી છે. સી.સી.રોડની કામગીરી કરતી એજન્સીએ આર.એમ.સી. પ્લાન્ટની જગ્યાએ સાદા મિક્ષર મશીન અને સ્થળ ઉપર ફલોરીન કામગીરી કરેલ છે. જે ટેન્ડર કરારના વિરૂદ્ધમાં હોય આ બાબતે પાલિકાના માજી સભ્ય દ્વારા પ્રાદેશિક કમિશ્નર નગર પાલિકા વડોદરાને લેખિત રજુઆત કરી પાલિકાના કામોનું થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરાવવું એજન્સી કસુરવાર હોય તો બીલનું ચુકવણું રોકવું અને આ એજન્સીને બ્લેક લીસ્ટ કરવામાં આવે જો પાલિકા દ્વારા એજન્સી સામે કાર્યવાહી ન કરાય તો કોર્ટમાં જાહેરહિતની પીઆઈએલ દાખલ કરવાની ચિમકી ઉચ્ચારી છે.

ગોધરા નગર પાલિકાના વિવિધ વિસ્તારોમાં સી.સી.રસ્તાઓની કામગીરી કરાઈ રહી છે. પાલિકાના સી.સી. રસ્તાની કામગીરીની ટેન્ડર ઓનલાઈન કરી જય કન્સ્ટ્રકશન મહેસાણાને સોંપવામાં આવેલ છે અને આ એજન્સી દ્વારા સી.સી.રોડની કામગીરી કરવામાં આવી રહી છે. ગોધરા પાલિકાની ટેન્ડર જાહેરાતમાં તમામ રસ્તાઓ આર.એમ.સી. પ્લાન્ટ થી બનાવવામાં આવશે તેવો ઉલ્લેખ ટેન્ડરમાં સ્પષ્ટ જણાવેલ છે. પાલિકાની ટેન્ડર જાહેરાતમાં આર.એમ.સી. પ્લાનની જાહેરાતના કારણે ઘણી બધી એજન્સીઓ જેમની પાસે આર.એમ.સી. પ્લાન્ટ નાખવાની ક્ષમતાના હોય તેવા ટેન્ડરમાં ભાગ લઈ શકયા ન હતા. જ્યારે જય કન્સ્ટ્રકશન મહેસાણા ટેન્ડર ૯ ટકા બીલોમાં ટેન્ડર મંજુર થયું હતું. આ એજન્સી એ આર.એમ.સી. ફલોરીથી કામગીરી કરેલ છે. જે ટેન્ડરના કરારના વિરૂદ્ધ છે. આ બાબતે પાલિકા અને લાગતા વળગતા વિભાગના અધિકારીઓ જાણ કરવામાં આવ્યા છતાં સી.સી.રોડની કામગીરી એસ્ટીમેન્ટ અને કરાર વિરૂદ્ધ થઈ રહી છે. પાલિકા અધિકારીઓ સ્થળ ચકાસણી અને ટેકનીકલ ઓફિસર દ્વારા તપાસ કરવામાં આવે સી.સી.રોડની કામગીરી તદ્દન હલ્કી કક્ષાની કરાઈ રહી છે. ગોધરા શહેરના વિકાસ માટે સરકાર દ્વારા વિકાસની લાખોની ગ્રાન્ટો ફળવાઈ છે. તેનો દુરઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે પાલિકા દ્વારા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન કરાવી એજન્સી કસુરવાર હોય તો બીલના નાણાં ન ચુકવવામાં આવે અને ટેન્ડર કરાર વિરૂદ્ધની કામગીરી માટે બ્લેક લીસ્ટ કરીને એજન્સીની ડિપોઝીટ જપ્ત કરવામાં આવે અને કાયદેસરના પગલાં ભરવામાં આવે તેવી માંગ સાથે ગોધરા પાલિકાના માજી સભ્ય ઈલ્યાસ ખાલીદ ચાંદાએ પ્રાદેશિક કમિશ્નર નગર પાકિઓ વડોદરાને કરવામાં આવી છે. લેખિત રજુઆત કરાઈ છે. ગોધરા પાલિકામાં સી.સી.રોડની કામગીરી કરતી એજન્સીની ગેરરીતિની તપાસ નહિ કરવામાં આવે તો નામદાર કોર્ટમાં જાહેરહિતની પીઆઈએલ દાખલ કરવા અને એજન્સીને બીલ પેટે ચુકવેલ નાણાં માટે અધિકારી અને પદાધિકારી જવાબદાર રહેશે તેવી રજુઆત કરાઈ છે.

# પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત કુશળ કડીયા ની તાલીમમાં ભાગ લેવા અનુરોધ

ગોધરા,

પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ)એ કેન્દ્ર અને રાજય સરકારની ફ્લેગશીપ યોજના છે. આ યોજના નો હેતુ વર્ષ ૨૦૨૪ સુધી સૌને આવાસ આપવાનો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)અંતર્ગત ભારત સરકારની ગાઈડલાઈન મુજબ રૂરલ મેશન અને આર.પી.એલ. તાલીમ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ)અંતર્ગત લાભાર્થીઓમાં આવાસ બનાવવા અંગે જાગૃતિ આવે અને આવાસનું સુચારૂ રીતે બાંધકામ થાય તે હેતુ થી અત્રેના જિલ્લામાં કમિશ્નર-વ-સચિવ ગ્રામ વિકાસ, ગુજરાત રાજય, ગાંધીનગર દવારા લાભાર્થીઓને કુશળ કડીયા બનાવવા માટે પ્રોત્સાહન અપાયેલ છે. ગાંધીનગર ખાતે થી મળેલ સુચના મુજબ મેશન અને આરપીએલ તાલીમ કરવી અનિવાર્ય છે. આ કડીયા તાલીમ ૪૫ અને આર.પી.એલ. તાલીમ ૧૫ દિવસની હોય છે. તાલીમનો સમય સવારના ૧૦.૦૦ થી સાંજ ના ૫ કલાકનો રહેશે. તાલીમ દરમ્યાન ૧ ટાઈમનું જમવાનું આપવામાં આવશે. તેમજ તાલીમ લેનારને તાલીમના તમામ દિવસોનું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. તાલીમ દરમ્યાન ફરજીયાત ૮૦ ટકા હાજરી આપવાની રહેશે અને જો તાલીમ લેનારની હાજરી ૮૦% થી ઓછી હશે તો તેને સ્ટાઈપેન્ડ મળશે નહીં. તાલીમ પૂર્ણ થયા બાદ તાલીમ લેનારે પરીક્ષા આપવાની રહેશે. ત્યાર બાદ તે કડીયાઓએ ગામમાં આવાસ બનાવવાના રહેશે. જેથી અત્રેના જિલ્લામાં જે ભાઈઓ કે બહેનો કુશળ કડીયા બનવા માટેરસ ધરાવતા હોઈ તેઓએ પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, આધાર કાર્ડની વિગત, બેંક એકાઉન્ટની વિગત, રેશન કાર્ડની વિગત અને પોતે એસ.સી., એસ.ટી., લઘુમતી અને અન્ય કઈ જાતિના છે તેના પ્રમાણપત્ર સાથે સંબંધિત તાલુકાના તાલુકા વિકાસ અધિકારીનો તાત્કાલીક સંપર્ક સાધવા નિયામક જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી પંચમહાલ-ગોધરાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# ગોધરા કસ્બાના સર્વે નં.૬૪૧/૧/૧વાળી જમીનના ૬ ટુકડા કરી ખોટા માલિકો હકકો ઉભા કરવાના વિરોધમાં અરજદારે કરેલ ઓનલાઈન લેન્ડ એન્ડ ગ્રેબીંગના પુરાવા સાથેની અરજીનો પ્રાંત અધિકારી કચેરીએ અભિપ્રાય નહી આપી દબાવી રખાઈ

ગોધરા,

ગોધરાના કસ્બાના રે.સ.નં.૬૪૧/૧/૧ વાળી કુલ હ.આરે.ચો.મી. ૦-૩૯-૪૬ જમીનમાં અરજદાર ફારૂક અહેમદ સમોલ દ્વારા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ તા.૧/૧૨/૨૦૨૧ના રોજ ઓનલાઈન રૂપીયા ૨૦૦૦/- ભરી અરજી ફરીયાદ નં.૪૧૭૧૨૨૧૦૦૧૪૫૪૮ ડીલર ટ્રાન્ઝેકશન રીફર નં.૨૫૭૦૫૭૩૩ તા.૧/૧૨/૨૦૨૧ના રોજ અમો ફરીયાદીએ આરોપીઓ (૧) નિશાર અહેમદ અબ્દુલ સતાર મેદા અને ઉસ્માનગની અબ્દુલ રહેમ બેલી વિગેરે ૧ થી ૮ સામે તમામ આધાર રેકર્ડ પુરાવા ૧ થી ૧૦ ગોધરાના કલેકટર પંચમહાલ તરફ આપેલ અરજી ત્યારબાદ પરંતુ અમોને આપેલ નં. લે.ગ્રે./એસ.આર-૧૦૯/વશી/૧૦/૨૦૨૦ તા.૨૧/૧/૨૦૨૨ તથા નં. લે.ગ્રે..એ.આર.૧૦૯/વશી/૪૦/૨૦૨૨ બન્ને નોટીસો કાઢેલ ના જુદીજુદી વાખ્યાઓ જણાવેલ છે. જે કલાર્ક હંસરાજ બિહોલા તાત્કાલીક હાલ ફરજ પરના ગોધરા મામલતદાર શહેર તરીકે આ બન્ને નોટીસોનું તારણ જોતા વહીવટી તથા કાયદાનું રેકર્ડ આધાર પુરાવા સાથે આપેલનું અનાદર કરેલ છે અને અરજદાર ફારૂક અહેમદ સમોલ એ આપેલ અરજી તા.૧/૧૨/૨૦૨૧ની અરજી ગોધરા પ્રાંત એન.બી.રાજપુત અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા ધ્યાને લીધેલ નથી કે કોઈ સરકારી કાયદા ૨૦૨૦ પ્રમાણે જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા તરફ મોકલવામાં આવેલ નથી. જે અધુરી પ્રાંત ગોધરા સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ ગોધરા એ બાબતે કાર્યવાહી કરેલ નથી અને અમોને આર્થિક તથા માનસીક નુકશાન કરેલ છે. નિશાર અહેમદ અબ્દુલ સતાર મેદા તથા કલાર્ક હંસરાજ બિહોલા દ્વારા વહીવટી સત્તાનો દુરઉપયોગ કરી મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ આજદિન સુધી ખોટા દસ્તાવેજો તથા અમો ફરિયાદીએ રેકર્ડ આધાર પુરાવા સાથે સહિતનો કોઈ રિપોર્ટ આરોપીઓ ૧ થી ૯ સામે પ્રાંત ગોધરા સબડીવિઝનલ મેજીસ્ટ્રેટ ગોધરા તરફ થી એફ.આર.આઈ. દાખલ કરવા કોઈ કરતા કોઈ રિપોર્ટ કરેલ નથી.

અરજદાર દ્વારા અરજી ઓનલાઈન કરેલ તા.૧/૧૨/૨૦૨૧ના અનુમાં જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરા આદેશોનું પાલન ના કરતા ગોધરા નાયબ ક્લેકટર અને મેજીસ્ટ્રેટ પ્રાંત તથા વહીવટી કર્મચારીઓથી અવારનવાર રજુઆતો કરેલ તથા વાંરવાર ધકકા ખાતા ફારૂક અહેમદ સમોલ ગોધરા દ્વારા તા.૩/૨/૨૦૨૨ના રોજ ફરથી ગોધરા એડવોકેટ એચ.કે.સોની દ્વારા નાયબ કલેકટર પંચમહાલ તરફ અરજી આપવામાં આવેલ છે. જે અરજીની વિગતો જોતા ફરિયાદી દ્વારા નિશાર અહેમદ અબ્દુલ સતાર મેદા વિગેરે સામે ઠોસ પુરાવા સહી કારણો સાથે રજુઆત કરી લેન્ડ ગ્રેબીંગ કાયદા ૨૦૨૦ના જરૂરી આધાર પુરાવા સાથે આરોપીઓ સામે યોગ્ય અને જરૂરી ન્યાય માંગેલ છે.

ગોધરા સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત ગોધરા દ્વારા તા.૨૧/૧/૨૦૨૨ તા. ૩૧/૧/૨૦૨૨ નોટીસ સાથે જવાબ રજુ કરેલ પછી આજદિન સુધી કાયદા ૨૦૨૦ના અંગે કોઈ પ્રાંત અને સબડિવીઝન મેજીસ્ટ્રેટ તથા વહીવટી કર્મચારીઓ તરફથી આખરી રિપોર્ટ આજદિન સુધી કરી કરવામાં આવેલ નથી. ફરીયાદીની તા.૩/૨/૨૦૨૨ની રજુઆતો નિશાર અબ્દુલ સતાર મેંદા વિગેરે સામે નાયબ પ્રાંત ગોધરા નં. જમન/વશી/૬૨૫૦ થી ૬૨૫૨/૨૦૧૬ થી મામલતદાર શહેર તરફ ગેરકાયદેસર બાંધકામ દુર કરવા તપાસ સોંપવામાં આવેલ છે. નગર પાલિકા ચીફ ઓફિસર તા.૩/૬/૨૦૧૪ જા.નં. એસ.યુ.આર/૭૫ ગેરકાયદેસર બાંધકામનો વાણિજય હેતુનો નિશાર અહેમદ અબ્દુલ સતાર મેંદા વિગેરે સામે ગોધરા શહેર મામલતદાર તા.૧૭/૪/૨૦૧૭ નં. જમન/વશી/૧૨૮૮ થી જમીન બિનખેતીની નોંધ નથી અને ગેરકાયદેસર વાણિજય હેતુ માટે ગેરકાયદેસર બાંધકામ દુર કરવા શરત ભંગ અંગેની કાર્યવાહી કરવા જણાવેલ પરંતુ નાયબ કલેકટર પ્રાંત દ્વારા તા.૨૩/૧૦/૨૦૧૯/જમન/વશી/બિનખેતી/શરતભંગ/અપીલ/નં.૦૧/૧૮/વશી/૧૨૨૩ થી ૧૨૩૩/૧૯ થી નગર પાલિકા ગોધરાને ગેરકાયદેસર બાંધકામ કરેલ દુર કરવાના આદેશો આપવામાં આવેલ છે.

આમ ૧-૩-૫ ના સાથે ગેરકાયદેસર બાંધકામ દુર ના થાય મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ અમોને આર્થિક તથા માનસીક, રૂપીયા પૈસા થી ભરપાઈ થાય તેવું નિશાર અહેમદ અબ્દુલ સત્તાર મેંદા ૧ થી ૮ દ્વારા કાયદાનું સંક્રમણ કરી કરાવી યોગ્ય આજદિન સુધી ગોધરા પ્રાંત અને સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ ગોધરા દ્વારા આ ફાઈલ દબાવી મુકેલ છે.

સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત ગોધરાની નોટીસ જોતાં નં.લે.ગ્રે/એસ.આર.૧૦૯/વશી/૪૦/૨૦૨૨ સુધર નોટીસમાં વહીવટી કર્મચારીએ પુરેપુરા દસ્તાવેજો રિપોર્ટો ફરિયાદ નકલ રે.સ.નં.૬૪૧/૧/૧ વાળી કુલ હે.આરે.ચો.મી.૦-૩૯-૪૬ જમીનની પુરેપુરી વિગતો દર્શાવેલ નથી. તેમજ સુધારા નોટીસમાં એન.બી.રાજપુત સબડિવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત ગોધરા એ તા.૩/૨/૨૦૨૨ સમય ૧૨-૦૦ કલાકે હાજર નોટીસ જોતા આ જમીનના ટુકડા કરી નોટીસ પાઠવેલ છે. જે રે.સ.નં.ગોધરા કસ્બાના ૬૪૧/૧/૧ પૈકી- ૧, ૬૪૧/૧/૧ પૈકી-૨, ૬૪૧/૧/૧ પૈકી-૩, ૬૪૧/૧/૧ પૈકી-૪, ૬૪૧/૧/૧ પૈકી-૫, ૬૪૧/૧/૧ પૈકી-૬ ની જમીનના ટુકડા કયા કારણસર કરેલ છે અને કોના હુકમો થી પૈકી ૧ થી ૬ કિસ્સા પાડેલ છે. જે તેવું જણાવેલ નથી અને ફરિયાદી દ્વારા મે.પ્રિન્સીપાલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સમક્ષ ઈ.નં.૬૯/૨૦૧૭ સંબંધે ગોધરા ટાઉન એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં. ૧૧૨૦૭૦૨૫૨૧૦૦૮૭/૨૦૨૧ થી ગુનો દાખલ કરેલ છે.

આમ, ફરિયાદી દ્વારા નામદાર હાઈકોર્ટ ઈ-ધરા સેન્ટરમાં જે તે સમયે ફરજ બજાવતા વિરૂદ્ધ સિવિલ એપ્લેકેશન નં.૨૧૬૬/૨૦૧૫ દાખલ કરેલ ફરિયાદ બાબતે યોગ્ય કાર્યવાહી કરી કરાવવા માર્ગદર્શન આપવામાં આવેલ છે. તેમાં નિશાર અહેમદ અબ્દુલ સત્તાર મેંદા માથાભારે અને પંચમહાલ જીલ્લા ગોધરાના કર્મચારીઓ, અધિકારીઓ સાથે સાંઠગાંઠ ધરાવે તે અને અનેક પ્રકારની રજુઆતો તેમના વિરૂદ્ધ કરવામાં આવેલ છે.

આમ, ફરિયાદ દ્વારા ગુજરાત રાજય સરકારમાં લાગતા વળગતા વિભાગો તરફ યોગ્ય કાર્યવાહી કરી કરાવવાની રજુઆતો ગાંધીનગર સુધી કરવામાં આવેલ છે. આમ, ફરિયાદી દ્વારા વકીલ એચ.કે.સોનીની સહી થી તા.૩/૨/૨૦૨૨ના ૧ થી ૧૦ પુરાવા સહિત કોઈ સરકારી, કર્મચારીઓ, અધિકારી તરફ થી કરી કરવામાં આવેલ ના હોય જે મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તથા ગુજરાત સરકારના લાગતા વળગતા આ બાબતે ફરિયાદી દ્વારા ઓનલાઈન અરજીનો નિકાલ કરશે કે કેમ ફરિયાદીની ફરિયાદ અરજી નં.૪૧૭૧૨૨૧૦૦૧૪૫૪૮ કરેલનું નિરાકરણ પંચમહાલ જીલ્લા કલેકટર ગોધરા પ્રાંત સબ ડિવીઝનલ પાસે નિશાર અબ્દુલ સત્તાર મેંદા વિગેરે સામે એફ.આર.આઈ.દાખલ કરાવશે કે કેમ તે જોવાનું રહ્યું.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બારીયા અરવિંદભાઈ મગનભાઈ
તરફથી અભીનંદન....
મુ. સુથારફળિયું-નાકટી, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બારીઆ સુમિત્રાબેન છગનભાઈ
તરફથી અભીનંદન....
મુ. વેડ ફળીયું-નાકટી, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
નાકટી દૂધ ઉત્પાદક સહકારી મં.
તરફથી અભીનંદન....
મુ. ચોર બારીયા - ડુંગરા ફળીયું, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલીયા સુમિત્રાબેન ભારૂભાઈ
તરફથી અભીનંદન....
મુ. બોધડવા, તા. ધાનપુર, જી. દાહોદ